Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# સરદાર પટેલના રચનાત્મક કાર્યો

**સંજયકુમાર જયંતિભાઈ પટેલ**

આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,સમી, તા-સમી, જિ-પાટણ

---

**પ્રસ્તાવના:**

અહિંસક ક્રાંતિની પ્રક્રિયાની શોધમાંથી રચનાત્મક કાર્યક્રમનો જન્મ થયો. રચનાત્મક કાર્યક્રમને બીજી રીતે અને વધારે ઘટિત નામથી ઓળખાવીએ તો સત્ય અને અહિંસાના સાધન વડે પૂર્ણ સ્વરાજ એટલે કે સંપૂર્ણ સ્વતંત્રતાની રચના કહી શકાય.

ગાંધીજી રૂઢપણે માનતા કે રચનાત્મક કાર્યક્રમનો સફળ અમલ થાય તો તેનું ફળ આપણને જે સ્વતંત્રતા જોઇએ છે તે જ હશે. સ્વાતંત્ર્યના ધ્યેયને હાંસલ કરવા માટે મહાત્માએ જે રચનાત્મક કાર્યક્રમના મુદ્દાઓ પર ભાર મૂક્યો તેમાં

૧. કોમી એકતા, ૨. અસ્પૃશ્યતા નિવારણ, ૩. દારૂબંધી, ૪. ખાદી, ૫. ગ્રામ ઉદ્યોગો, ૬. ગ્રામ સફાઈ, ૭. નવી તાલીમ અથવા પાયાની કેળવણી, ૮. પ્રૌઢ શિક્ષણ, ૯. સ્ત્રી-ઉન્નતિ, ૧૦. તંદુરસ્તીના નિયમોની જાળવણી, ૧૧. પ્રાંતીય ભાષાઓનો વિકાસ, ૧૨. રાષ્ટ્રભાષાનો વિકાસ, ૧૩. આર્થિક સમાનતા, ૧૪. કિસાનો અથવા ખેડૂતોનું સંગઠન, ૧૫. મજૂર સંગઠન, ૧૬. આદિવાસીઓનો ઉત્કર્ષ, ૧૭. રક્તપિતના રોગીઓની સેવા, ૧૮. વિદ્યાર્થી સંગઠન

આ રચનાત્મક કાર્યક્રમ એક શૈક્ષણિક પ્રક્રિયા છે, તેમાં સેવક અને સેવ્ય વચ્ચે આંતરબાહ્ય એકતા સધાય છે. જે વર્ગના ઉત્કર્ષ માટે રચનાત્મક કાર્ય કરે. કામ કરવાનું છે તે વર્ગમાં ભળી જઈ એના જેવી સાદી જીવન પદ્ધતિ અપનાવવાથી કાર્યનો પ્રારંભ થાય છે. એનાથી પરસ્પર વિશ્વાસ અને આત્મશક્તિ વિકસાવવામાં તે મદદરૂપ થાય છે.

અત્રે રચનાત્મક કાર્યના ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપનાર સરદાર પટેલ કે જેના વિશે એવું કહેવામાં આવે છે કે સરદાર રચનાત્મક કાર્યક્રમને વિશે કશું સમજતા નથી. સરદાર એ માત્ર રાજકારણી પુરૂષ જ હતા, એવી છાપ સમાજમાં પ્રવર્તે છે. તેમની આવી છાપના કારણે જીવનમાં તેમણે કરેલા રચનાત્મક કાર્યો અને આ બાબતમાં તેમની અભિરૂચિ વિષેના મુદ્દાને ઉપસાવીને વિશિષ્ટ લખવામાં આવ્યું નથી. પરંતુ સરદારે પોતે જ સ્પષ્ટ કહેતા કે તેમને જેટલો રસ રચનાત્મક કાર્યોમાં છે. તેટલો રાજકીય ક્ષેત્રમાં નથી. તેમની આ વાત સાડાત્રણ દાયકાના તેના જાહેરજીવનને તપાસતા આપણને માલૂમ પડે છે કે સરદારની આ વાત સાચી છે.

**સરદાર પટેલના કેટલાક પ્રસંગો:**

**પહેલો પ્રસંગઃ**

કરમસદ ગામમાં સાત ધોરણ સુધીની જ શાળા હતી. આગળ ભણવા માટે પેટલાદ જવું પડે. કરમસદથી પેટલાદ છ-સાત માઈલ થાય. વલ્લભભાઇ બીજા વિદ્યાર્થીઓ સાથે રોજ એટલું ચાલીને પેટલાદ જતા-આવતા. એક દિવસ વિદ્યાર્થીઓ રોજની માફક ચાલતા ચાલતા જતા હતા. એવામાં એક વિદ્યાર્થીનું ધ્યાન ખેંચાયું કે, તેમનામાંથી એક ઓછો છે! તે આજુબાજુ જોઇને બોલી ઊઠ્યો. અલ્યા, વલ્લભભાઇ ક્યાં ગયો? આપણી સાથે જ હતોને ! એ ગયો ક્યાં? બીજા વિદ્યાર્થીએ બૂમ પાડી વલ્લભભાઇ, શું કરે છે? કેમ પાછળ રહી ગયો? વલ્લભભાઇએ વિદ્યાર્થી ભણી જોઇને કહ્યું, જરા થોભો, હું આ આવ્યો.

એમ કહીને વલ્લભભાઇ ખેતરની હદ માટે દાટેલો પથ્થર ખુંટ જોરથી હલાવવા લાગ્યા. થોડી વારમાં એ ખૂંટ બહાર નીકળી આવ્યો. વલ્લભભાઇએ એને દૂર ફેંકી દીધો, પછી દોડતા-દોડતા સાથીઓ પાસે જઇ પહોંચ્યા.

એક વિદ્યાર્થીએ પૂછ્યું કેમ પાછળ રહ્યો'તો? કશું હતું કે શું?

વલ્લભભાઇએ જવાબ આપ્યો રસ્તા વચ્ચે પત્થરનો ખૂંટ વારંવાર નડતો હતો. આપણા જેવા કેટલાયને નડ્યો હશે. કોઇના પગ પણ અંધારે ભાંગ્યા હશે. તેને હચમચાવી કાઢવામાં રોકાયો હતો.

**બીજો પ્રસંગઃ**

વલ્લભભાઈ નડિયાદમાં એક મિત્ર કાશીભાઇના ઘરમાં રહીને વકીલાતની પરીક્ષાની તૈયારી કરતા હતા. આ કાશીભાઈના પિતાના એક મિત્ર ડુંગરભાઇ, જેઓ નિડયાદમાં વકીલાત કરતા હતા, તેમના પત્ની છ મહિનાના છોકરાને મુકી ગુજરી ગયાં. આ શિશુને ઉછેરવા માટે કાશીભાઇનાં બા પોતાના ઘરમાં લઇ આવ્યા. સરદાર અને કાશીભાઇનાં બાએ આ બાળકની સંભાળ લીધી, સરદાર એને તેમની સાથે સુવડાવતા રાત્રે ઉઠીને બે-ત્રણ વાર દૂધ પાતા. રાતમાં છોકરો ટટ્ટી-પેશાબ કરે તો તેના બાળોતિયાં બદલતા અને બધું સાફસૂફ કરીને પોતાની પાસે સુવડાવતા. આ છોકરું ત્રણ વર્ષનું થયું ત્યાં સુધી તેને ઉછેરીને મોટું કરવામાં વલ્લભભાઇએ કાળજી લીધી.

ઉપરોક્ત બન્ને પ્રસંગો દર્શાવે છે કે સેવાભાવનાનો આવો ઉચ્ચ ગુણ વલ્લભભાઇમાં શરૂઆતથી જ જોવા મળે છે.

**સરદાર પટેલે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં કરેલ રચનાત્મક કાર્યો:**

તા.૧૪-૦૨-૧૯૧૩નાં રોજ વલ્લભભાઈ લંડનથી બેરિસ્ટર થઈને અમદાવાદ આવ્યા. વલ્લભભાઇના જાહેરજીવનની શરૂઆત શહેરી સ્થાનિક સ્વશાસનની સંસ્થાથી થઇ. એમ કહી શકાય. તેમણે અમદાવાદમાં વકીલાત શરૂ કરી ત્યારથી જ તેમણે અમદાવાદ શહેરના જાહેર પ્રશ્નોમાં રસ લેવાનું શરૂ કરેલું, વકીલાત મુખ્યત્વે ક્રિમિનલ સાઇડ ઉપર જ હતી. અમદાવાદ શહેરના સાંકડા રસ્તા, ગંદકી, પાણી માટે પોળોમાં થતો કકળાટ તેઓ જોતા ત્યારે તેમને આ માટે

કંઇક કરી છૂટવાનું મન થતું. આ માટે ૧૯૧૭માં અમદાવાદના દરિયાપુર વિસ્તારની, નગરપાલિકાની બેઠકની પેટા ચુંટણી જીતી તેમણે જાહેરજીવનનો પ્રારંભ કર્યો તેમણે અમદાવાદ શહેરના વિકાસમાં સતત બાર વર્ષ સેવા આપી.

વલ્લભભાઇએ નગરપાલિકામાં પ્રવેશ્યા પછી ટૂંક સમયમાં અંગ્રેજ અમલદારની આપખુદીનો સામનો કરવાનું શરૂ કર્યું. આ સમય દરમિયાન અમદાવાદમાં જે.એ. શીલીડી જેવા અંગ્રેજ મ્યુનિસિપલ કમિશ્નર નગરપાલિકાનો પગાર લેતાં હોવા છતાં લોક પ્રતિનિધિઓનાં માલિક હોય તેમ વર્તતા. આ મ્યુનિસિપલ કમિશ્નરને ક્લેક્ટરનો પણ ટેકો હતો. પરંતુ વલ્લભભાઇએ મી. શીલડીને ગેરવર્તણૂકોનો અહેવાલ તૈયાર કરી તેમની વિરૂદ્ધ અમદાવાદ નગરપાલિકામાં ઠરાવ મુક્યો. લોકપ્રતિનિધિઓએ વલ્લભભાઈના નેતૃત્વ નીચે આ અધિકારીને તેના સ્થાન ઉપરથી દૂર કરતો ઠરાવ બહુમતીઓ પસાર કરતાં સરાકરે મી. શીલડીને દૂર કરવા પડ્યા.

વલ્લભભાઇની કડકાઇનો પરિચય મેળવનાર બીજા મ્યુનિસિપલ અંગ્રેજ એન્જિનિયર હતા. તેને રેલ્વેમાંથી અહીં લેવામાં આવેલ હોઈ તે તદ્દન બિન આવડત અને બેદરકાર હોવાને લીધે અમદાવાદમાં પીવાના પાણીનો પ્રશ્ન વિકટ બનેલો. અમદાવાદની ઢાળની પોળમાં ઊંચાણવાળો વિસ્તાર હતો. તેમાં પાણી જતું બંધ થઇ ગયું. અંગ્રેજ એન્જિનિયર ગભરાયો. તેણે મ્યુનિસિપાલિટી કમિશ્નરની મદદ માંગી. મ્યુનિસિપાલિટી કમિશ્નરે સ્ટેન્ડિંગ કમિટી અને સેનેટરી સમિતિના સભ્યોને ઢાળની પોળમાં હાજર રહેવા જણાવ્યું. આ સમિતિના ચેરમેન વલ્લભભાઇ હોવાથી તેઓ ખાસ હાજર હતા.

કમિશ્નરે હાજર લોકોના પ્રશ્નને શાંતિથી સાંભળી લોકોનો રોષ એન્જિનિયરને બદલે મ્યુનિસિપાલિટી સભ્ય તરફ વાળવા ચાલાકી વાપરી. તેમણે કહ્યું, તમને પાણી ન મળતું હોય તો મ્યુનિસિપાલિટી સભ્યોના ઘરોને આગ લગાડો. જેથી તેમને ભાન થશે કે, પાણી વિના કેવી રીતે જીવાય છે. પરંતુ કમિશ્નરને ખબર નથી કે સામે ઊભેલા ભારતીય અંગ્રેજીના પ્રભાવથી ગભરાય તેમ નથી. વલ્લભભાઇએ લોકોને તેમની માતૃભાષા ગુજરાતીમાં જ અંગ્રેજ એન્જિનિયર તરફ આંગળી ચીંધી કહ્યું. અમારા ઘર લોકો શા માટે બાળશે? દોષ તો સરકારનો છે. જેણે આ ડોબા જેવા એન્જિનિયરને અમારી મરજી વિરૂદ્ધ નગરપાલિકા ઉપર ઠોકી બેસાડ્યો છે. ઘર તો આ ગોરા અણઘડ અમલદારનું જ બાળવું જોઇએ. આ શબ્દો સાંભળી અંગ્રેજ કમિશ્નર અને એન્જિનિયર નીચી મૂંડી કરી રવાના થઇ ગયા. વલ્લભભાઈના આ શબ્દની જાદુઇ અસરથી અંગ્રેજ એન્જિનિયર રાજીનામું મૂકી રવાના થયો, અને ત્યાર પછી નગરપાલિકાએ યોગ્ય કાર્યક્ષમ એન્જિનિયરને નીમીને પાણીનો પ્રશ્ન હલ કર્યો.

મ્યુનિસિપાલિટીમાં રહીને સરદારે લોક ઉપયોગી સેવાના જે રચનાત્મક કાર્યો કર્યા. તેની આપણે સર્વપ્રથમ સંક્ષિપ્તમાં નોંધ લઇએઃ

-૧૯૧૭માં અમદાવાદમાં પ્લેગ ફેલાયો. લોકો શહેર છોડીને બહારગામ જવા લાગ્યા ૨૮ જાન્યુઆરી રોજ પૂરા થયેલા અઠવાડિયામાં શહેરમાં ૧૩૨ જણા પ્લેગને કારણે મર્યા. છતાં તેમણે ભદ્રનું ઘર છોડ્યું નહીં, મ્યુનિસિપલ સેનેટર કમિટિના ચેરમેન તરીકેની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી.

લત્તે- લત્તે ફર્યા સફાઇ ઝુંબેશ ચલાવી. દવાઓનું વિતરણ કરાવ્યું. આની અસર મ્યુનિસિપાલિટીના કર્મચારીઓ પર પડેલી. આખા તંત્રમાં ચેતન આવ્યું.

-શહેરમાંથી ઉંદરોના નાશ અને રખડતા કૂતરાઓને દૂર કરાવતી વખતે લોકોની ધાર્મિક લાગણીઓ અને જીવદયાવાળાઓના વિરોધને પણ ગણકાર્યો નહીં.

-ઇન્ફ્લુએન્ઝાને રોકવાનાં પગલા લેવા માટે રૂ. ૧૦,૦૦૦ ફાળવ્યા.

-ગરીબો અને નોકરિયાત લોકોનાં શિક્ષણ માટે રાત્રિશાળાઓનું આયોજન કર્યું.

-મ્યુનિસિપલ કર્મચારીઓના ગણવેશમાં ખાદીનો ઉપયોગ શરૂ કરાવ્યો.

-પીવાના સ્વચ્છ પાણીની ચકાસણી કરવા માટે કરાંચીની જેમ સાધનસજ્જ લેબોરેટરી ઉભી કરવા માટે માંગણી રજૂ કરી.

-શાળાઓમાં ફરજિયાત કાંતણ શરૂ કરાવ્યું.

-ભદ્રના વિસ્તારમાં મરાઠીશાળાની શરૂઆત થઈ.

-ખિલાફતની ચળવળને ટેકો જાહેર કરાવ્યો.

-મ્યુનિસિપાલિટીના સફાઇ કર્મચારીઓ અન્ય કર્મચારીઓ અને મ્યુનિસિપાલિટીના શિક્ષકોનો પગાર વધાર્યો.

- યુદ્ધ પછીના સમયમાં થયેલો ભાવવધારો મોંધવારીને કારણે લોકોને રાહત પહોંચાડવા માટે, રૂ. ૪૦૦ની ખોટ સહન કરીને સસ્તા અનાજની દુકાનો શરૂ કરાવી.

-મ્યુનિસિપલ શાળાઓના શિક્ષકો માટે પેન્શન યોજના શરૂ કરાવી.

-શહેરના મજૂર વિસ્તારની સ્ત્રીઓ માટે, જાજરૂ અને બાથરૂમ બાંધવા માટે રૂપિયા ૧૨૦૦ મંજૂર કર્યાં.

-મ્યુનિસિપાલિટીના રિપન હોલનું નામ બદલીને, ગાંધી હોલ રખાયું.

-મ્યુનિસિપાલિટી બોર્ડમાં સ્ત્રીઓના પ્રતિનિધિત્વ માટેની ઝુંબેશ ૧૯૧૯માં દરખાસ્ત રજૂ કરીને શરૂ કરેલી. ૧૯૨૬માં સરદારના આ પ્રયત્નને સફળતા મળી. ઉપરાંત ૧૯૨૩માં પહેલીવાર એક દલિત મ્યુનિસિપલ કાઉન્સિલર બન્યા. એમનું નામ કચરાભાઇ ભગત જેઓ મજૂર વિસ્તારના સરસપુર વોર્ડમાંથી બિનહરીક ચૂંટાયા. વલ્લભભાઇએ મજૂર મહાજનની આ પસંદગીને માન્ય રાખી લોકોના વિરોધને ગણકાર્યો નહીં.

-૧૯૨૧માં કોંગ્રેસની બેઠક જયાં ભરાયેલી તે નદીપારની જમીન પર એક જનરલ હોસ્પિટલ બાંધવા માટે શેઠ વાડીલાલ સારાભાઇના ટ્રસ્ટો પાસેથી અને ચુનીલાલ નગીનદાસ ચીનાભાઇ પાસેથી દાન મેળવીને મ્યુનિસિપાલિટી પાસે એનો સ્વીકાર કરાવ્યો અને શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ અને ચીમનભાઇ પ્રસુતિગૃહ બનાવ્યા. તા. ૨૦ જુલાઇ ૧૯૩૩ના રોજ ગાંધીજીએ

આ બન્ને હોસ્પિટલની મુલાકાત લીધી. મુલાકાત પોથીમાં લખ્યું સરદાર વલ્લભભાઇની જય હો, આ ઇસ્પિતાલ જોઈ હું રાજી થયો છું.

-રાષ્ટ્રીય કેળવણીના પ્રશ્ન પર સરાકરે અમદાવાદ, નડીયાદ અને સુરતની મ્યુનિસિપાલિટીઓને બરતરફ કરી. સરદારે અમદાવાદમાં પ્રજાકીય કેળવણી મંડળની સ્થાપના કરી. શહેરમાં ૪૩, શાળાઓ પૈકી ૧૩ કન્યાશાળાઓ અને ૮ ઉર્દૂ શાળાઓ શરૂ થઇ. શાળાઓના મકાન માટે ન્યાતની વાડીઓના મકાનો મેળવ્યા. આ શાળાઓમાં ૨૭૦ શિક્ષકો પૈકી ૬૫ ટકા ટ્રેઇડ શિક્ષકો હતા. જેમાં ૧૬૦ મ્યુનિસિપાલિટીની નોકરી છોડીને આવેલા હતા. વિદ્યાર્થીઓની સંખ્યા ૮૪૦૦ હતી. જેમાં મુસલમાન છોકરાઓ ૯૦૮ અને કન્યાશાળામાં ૨૧૦૭ બાળાઓ ભણતી થઇ હતી. માસિક રૂપિયા દસ હજારનો ખર્ચ વેઠવી પડેલો.

**વલ્લભભાઇ અને ગાંધીજીની પ્રથમ મુલાકાત અને ત્યાર પછી થયેલ રચનાત્મક કાર્યો:**

સ્વરાજ અંગે મોન્ટેગ્યુને આપવા માટેના મેમોરેન્ડમ પર લોકોની સહીઓ એકઠી કરવા માટે ગાંધીજીએ કરેલી સૂચના કોંગ્રેસે માન્ય રાખી આ મેમોરેન્ડમ લોકભાષામાં લખાવું જોઇએ, તેવું ગાંધીજીનું સૂચન પણ મંજૂર રાખવામાં આવ્યું ગુજરાતમાં ગાંધીજીએ ટૂંકું નિવેદન ઘડી કાઢયું અને ગુજરાત સભા મારફતે તેના પર સહીઓ એકઠી કરાવી. સપ્ટેમ્બરની ૩૦ તારીખે વલ્લભભાઇ ગાંધીજની પ્રવૃત્તિમાં પહેલી જ વખત સામેલ થયા અને આ કામ માટે ગુજરાત સભા તરફથી વલ્લભભાઇ અને હોમરૂલ લીંગ તરફથી ઇન્દુલાલ યાજ્ઞિક બોરસદ ગયા. સપ્ટેમ્બર ૩૦, ૧૯૧૭નો એ દિવસ જયારે વલ્લભભાઇ પહેલીવાર ઇન્દુલાલને મળ્યા.

ગાંધીજીએ નવજીવનમાં લેખન દ્વારા અને અપીલ બહાર પડી લોકોને સહકાર આપવા આગ્રહ કર્યો. કોંગ્રેસના સ્વયંસેવકો અને કાર્યકરોએ વલ્લભભાઇ પટેલના માર્ગદર્શન અને નેતૃત્વમાં છ મહિના સુધી ભારે શ્રમ વેઠીને રચનાત્મક કાર્યનું સુંદર ઉદાહરણ પુરૂ પાડ્યું. ૧૯૨૭થી જીવનના અંત સુધી વલ્લભભાઇ ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં જે કાર્યકરો માત્ર રચનાત્મક કાર્યોને જ જીવના ધ્યેય તરીકે સ્વીકારીને કાર્યરત હતા, તેઓમાં વલ્લભભાઇ સેતુ સમાન બની રહ્યા અને ગુજરાતમાં રચનાત્મક કાર્યની મશાલને બૂઝવા દીધી નહીં. તેમના પ્રયત્નોથી ગ્રામીણ રાષ્ટ્રવાદીઓ અને રચનાત્મક કાર્યકર્તાઓનું મોટી સંખ્યામાં નિર્માણ થયું હતું.

**નારી જાગૃતિ વિષે સરદાર પટેલ:-**

નારી જાગૃતિ વિષે સરદાર પટેલે અનેક સ્થળોએ જુદાજુદા સમયે લોકોને સમજ આપી જેના કેટલાક મહત્વના મુદ્દાઓ અહી રજુ કરું છું

1 ધરમના નામે કુમળી વયના બાળકોનાં લગ્ન કરાવનાર બ્રાહ્મણ નથી પણ રાક્ષસ છે.

2 છોકરીઓને અઢાર વર્ષની અંદર ના પરણાવો. અંગ્રેજની બાવીસ-પચ્ચીસ વર્ષની કુવારી છોકરી હોય છે તે આપણા ગામમાં દવાખાનું કાઢીને બેઠી હોય છે. નાની બાળઓ ઉપર સ્ત્રીઓ બધો બોજ નાખી તેને કચડી નાખો નહી. તે કુમળુ ફૂલ છે, ખીલતી કળી છે.

3 સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ પેદા થાય. તે પોતાનું ઉચિત સ્થાન પ્રાપ્ત કરે એ જરૂરી છે.

4 બહેનો ! તમે અબળા છો-કમજોર છો, એવું શા માટે માનો છો ? તમે તો શકિતનો અવતાર છો. માતા વગર કોઇ પુરુષનો જન્મ થયો છે ? એટલા માટે તમે આ તમારી હીનતાનો ત્યાગ કરો.

5 સ્ત્રીઓ પર વિશ્વાસ અને પ્રેમ રાખવો, સ્ત્રીઓ પ્રત્યેનો પુરુષોએ વ્યવહાર સુધારવો અને ભાષા પણ સંયમ અને વિવેકથી વાપરવી. જો સ્ત્રીઓ સાથે આવો વ્યવહાર થશે તો વીર સંતાનોને સ્ત્રીઓ જન્મ આપશે.

ભારતીય નારી માટે બંધારણમાં સમાનતાની ઘોષણા એ એક મોટી ઉબલબ્ધિ છે. એ ખરું પરંતુ, સ્વરાજય મળ્યા પછી પણ સ્ત્રીઓના પ્રશ્નો ઉકલી ગયા છે ? સ્ત્રીઓને યોગ્ય સ્થાન મળ્યું છે ? વલ્લભભાઇએ તો કહ્યું જ હતું કે સ્વરાજય આવશે ત્યારે સ્ત્રીઓના પ્રશ્નનો ઉકેલ થઇ જશે એ માન્યતા બરાબર નથી. 21મી સદીના પ્રગતિશીલ સમાજમાં હજી પણ સ્ત્રીને યોગ્ય સ્થાને બેસાડવામાં આવી નથી અને તેથી વલ્લભભાઇની દષ્ટિથી સાચા અર્થમાં સ્વરાજય મળ્યું નથી.

**સંદર્ભસૂચિ:-**


૧. ગાંધી, રાજમોહન (૨૦૧૦), સરદાર પટેલ- એક સમર્પિત જીવન, પ્રથમ આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

૨. કાદરી, રિઝવાન (૨003), સરદાર પટેલ એક સિંહપુરૂષ, ગુર્જર પ્રકાશન, અમદાવાદ.

૩. ગાંધી, મોહનદાસ કરમચંદ (૨૦૦૯), રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

૪. પાઠક, રામનારાયણ ના., દેસાઇ શાંતિલાલ મા (સંપાદકો), ગુજરાતમાં રચનાત્મક સંસ્થા અને સેવકો, પ્રકાશક: ગુજરાત ગાંધી નિધિ, હરિજન આશ્રમ, અમદાવાદ.

૫. પટેલ, મણિબહેન વલ્લભભાઇ, (સંપાદક) સરદાર વલ્લભભાઇ પટેલના લેખો, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

૬. પટેલ, વસંત, બંધુબેલી વિશેષાંક, વિ-વિદ્યાનગર-૪૯૨

૭. જોષી, છગનલાલ, સરદારની આત્મિયતા, સેન્ટેનરી કમિટી, ગાંધીનગર.

૮. શાહ, દશરથલાલ (૧૯૮૮), રચનાત્મક કાર્યક્રમ આજના સંદર્ભમાં, પહેલી આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

૯. માવળકર, ગણેશ વાસુદેવ (૧૯૯૧),સરદાર વલ્લભભાઇ પટેલ અને ગુજરાતનું જાહેરજીવન નોંધપાત્ર મુદ્દાઓના ટાંચણી, સંનિષ્ઠ પ્રકાશન, મહારાષ્ટ્ર સોસાયટી, અમદાવાદ.

૧૦. મોદી, સ્મરણ (૧૯૭૧), રચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન, પ્રથમ આવૃત્તિ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૧૧. ખમાર, પ્રભાકર (૨૦૦૪), સરદાર પટેલ સરફરોમથી પુસ્તક શ્રેણી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૨. દવે, જુગતરામ (૧૯૯૮), મારી જીવનકથા, નવજીવન પ્રકાશન, અમદાવાદ

૧૩. ગાંધી, મોહનદાસ કરમચંદ, (૨૦૧૧) સત્યના પ્રયોગો અથવા આત્મકથા નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ